જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ/સરકારી સેવામાં ફરજ બજાવતા અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક પામનાર શિક્ષકોને પગાર અને નોકરીના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:૧૧-૨૦૧૨-૩૧૪૬૬૮-ક
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/૦૮/૨૦૧૨

PAM/2012/4CPE

__વંચાણે લીધા:__

શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/2/પીઆરઈ/III/સીંગલ ફાઈલ/3/K, તા.18/01/2012

__ઠરાવ:__

આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૧૮/૧/૨૦૧૨ના જાહેરનામા અન્વયે જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકની ૬૦ ટકા જગ્યાઓ સીધી ભરતી અને ૬૦ ટકા જગ્યાઓ બઢતીથી ભરવાનુ ઠરાવવામાં આવેલ છે.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિમાં સેવા બજાવતા અનુભવી શિક્ષકો પણ સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા અરજી કરે છે. સીધી ભરતીથી નિમણૂક પામનાર આવા પ્રાથમિક શિક્ષકોને તેમની અગાઉની સેવા સળંગ ગણવા તથા પગારનો લાભ આપવા અંગેની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ/સરકારી સેવા બજાવતા અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક પામનાર શિક્ષકોની અગાઉની સેવાઓ સંબંધે નીચે જણાવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

1. જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં સેવા બજાવતા પ્રાથમિક શિક્ષક મુખ્ય શિક્ષકની જગ્યા માટે સીધી ભરતીથી પોતાના જિલ્લામાં કે અન્ય જિલ્લામાં કે નગર શિક્ષણ સમિતિમાં પસંદગી પામે તો તેવા શિક્ષકને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીએ મુખ્ય શિક્ષક તરીકે ફરજ પર હાજર થવા માટે ફરજ મુક્ત કરવાના રહેશે.
2. મુખ્ય શિક્ષકની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક મેળવેલ શિક્ષકને સરકારશ્રીના વખતોવખતના નિયમો મુજબ પેન્શન/વર્ધિત પેન્શન મળવાપાત્ર રહેશે. સામાન્ય ભવિષ્ય નિધિના ખાતા જે તે જિલ્લામાં તબદીલ કરી શકાશે. મુખ્ય શિક્ષકની જગ્યા પર પસંદગી પામનાર શિક્ષકને જિલ્લા શિક્ષણ

સમિતિ/નગર શિક્ષણ સમિતિ/સરકાર હેઠળની તેમની અગાઉની સેવાઓ તમામ હેતુસર સળંગ ગણવાની રહેશે.

3. મુખ્ય શિક્ષકની જગ્યા પર સીધી ભરતીથી નિમણૂક પામેલ શિક્ષક, મુખ્ય શિક્ષક તરીકે કામગીરી કરવા ન માંગતા હોય તો અજમાયશી સમયગાળા દરમ્યાન તેમના અગાઉના મૂળ જિલ્લામાં પ્રાથમિક શિક્ષક તરીકે પરત મૂકવાના રહેશે. તેઓનો પગાર સરકારશ્રીના વખતોવખતના ઠરાવ મુજબ નક્કી કરવાનો રહેશે.

4. મુખ્ય શિક્ષકની કેડર અલગ હોઈ બદલી માટે રાજ્ય સરકારના વર્ગ-૩ ના કર્મચારી માટે સામાન્ય વહિવટ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીઆરએફ/1098/1432/ગ-2, તા.25-10-2000 તથા વખતોવખતના બહાર પાડેલ નિયમો લાગુ પડશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.એમ.શાહ )
ઉપસચિવ.(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ.

PAM/2012/4-DP

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા